# ઈન્ડિયન આર્મીએ જોબ મેલામાંથી વડોદરાના ઈજનેરને પસંદ કર્યો

## ■ પારુલ ઈન્સ્ટિટ્યૂટમાં યોજાયેલા કેમ્પસ ઈન્ટરવ્યુમા ૪૦૫ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા.૧૩

ગત વર્ષે વૈશ્વિક મંદીમા સપડાયેલા ઉદ્યોગોને હવે કળ વળી રહી હોય તેમ તાજેતરમા યોજાયેલા પ્લેસમેન્ટ કાર્યક્રમોમા ફ્રેશરને અપાયેલા લાખો રૂપિયાના પેકેજીસ પરથી જાણવા મળી રહ્યું છે.આ બાબતમાં જાયન્ટ કંપનીઓ કરતા સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ અગ્રેસર રહી હતી અને ઉંચા પેકેજ ઓફર કર્યા હતા.શહેર નજીક આવેલા લીમડા સ્થિત પારુલ ઈન્સ્ટિસ્ટયૂટમા તાજેતરમા યોજાયેલા જોબમેલામા ૯૦ કંપનીઓએ એન્જિનિયરિંગ, ફાર્મસી અને મેનેજમેન્ટ વિદ્યાશાખાના ૪૫૦થી વધારે વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ કર્યા હતા જેમાથી ૪૦૫ વિદ્યાર્થીઓની પસંદગી થઇ હતી. નોંધનીય બાબત એ હતી કે ઈન્ડિયન આર્મી પ્રથમ વખત પારુલ ઈન્સ્ટિટ્યૂટમા કેમ્પસ ઈન્ટરવ્યુ માટે આવી હતી અને રૂ.૩.૮૪ લાખ સાથે એન્જિનિયરિંગના વિદ્યાર્થીની પસંદગી કરી હતી. ઈન્ડિયન આર્મીએ ગુજરાત રિજનમાંથી માત્ર ૨ વિદ્યાર્થીઓની જ પસંદગી કરી છે અને તેમા એક આ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

જોબમેલામા ઈજનેરીમાં ૧૯, ડિપ્લોમા ઈજનેરીમા ૨૧ , મેનેજમેન્ટ અભ્યાસક્રમમા ૪૨ અને ફાર્મસી અભ્યાસક્રમમા ૯ કંપનીઓ મળી કુલ ૯૦ કંપનીઓ કેમ્પસ ઈન્ટરવ્યુ માટે હાજર રહી હતી.

જેમા ઈન્ડિયન આર્મીથી માંડીને એલ એન્ડ ટી, એસ્સાર, હ્યુજીસ કોમ્યુનિકેશન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને ટાટા મોટર્સ સહિત અનેક જાયન્ટ કંપનીઓનો સમાવેશ થાય છે.

આ કેમ્પસ ઈન્ટરવ્યુમાં ઈન્ડિયન આર્મી પણ જોડાઇ હતી વડોદરા ઈ.એમ.ઈ.ના કર્નલ એસ.એસ.મલીક તથા કર્નલ એસ. કે.નિજાવતે ડિગ્રી ઈજનેરીના વિદ્યાર્થી મેહુલ અસનાની(મિકેનિકલ)ની પસંદગી કરી હતી. મેહુલ ઈન્ડિયન આર્મીના અકારા માપદંડોમાથી ખરો ઉતર્યા બાદ તેને ટ્રેનિંગ માટે દહેરાદુન ખાતે પોસ્ટિંગ કરાયુ છે.

પારુલ ઈન્સ્ટિટ્યુટની તમામ વિદ્યાશાખાઓમાથી મળીને કુલ ૪04 વિદ્યાર્થીઓનુ પ્લેસમેન્ટ થયુ હતુ.

આ અંગે પારુલ ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન ડૉ.જયેશ પટેલ અને ડાયરેક્ટર ડૉ.દેવાંશુ પટેલે જણાવ્યું હતું કે દરેક કંપનીઓની જરૂરિયાત અલગ હોય છે અને તે મુજબ જ વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. જેમા કોમ્યુનિકેશન, એપ્ટિટ્યૂટ ટેસ્ટ, લોજીકલ એનાલીસીસ, પર્સનલ ઈન્ટરવ્યુ અને ગ્રુપ ડિસ્કસનનો સમાવેશ થાય છે.